ક્રમાંકઃ- પ્રાશિનિ/જ/રા.એવોર્ડ/૨૦૧૯/ ૧૧૬૦

પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,

૧૨, ડો. જીવરાજ મહેતા ભવન,

ગુ. રા. ગાંધીનગર, તા.૨૮/૦૬/૨૦૧૯

પ્રતિ

જિલ્લા શિક્ષણાધિકીરશ્રી

તમામ

વિષયઃ- તાલુકા, જિલ્લા અને રાજ્ય કક્ષાએ શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક આપવા બાબત.

સંદર્ભઃ- (૧) શિક્ષણ વિભાગના તા. ૭/૮/૨૦૧૪નો ઠરાવ ક્રમાંકઃ પીઆરઇ-૧૧-૨૦૧૪/૩૦૬૯૩૨/ક

(૨) શિક્ષણ વિભાગના તા. ૧/૧૨/૨૦૧૫નો ઠરાવ ક્રમાંકઃ પીઆરઇ-૧૧-૨૦૧૪/૩૦૬૯૩૨/ક

(૩) શિક્ષણ વિભાગના તા. ૨૫/૬/૨૦૧૯નો ઠરાવ ક્રમાંકઃ પીઆરઇ-૧૧૨૦૧૯/સિંફા-૧૩/ક

ઉપરોક્ત વિષય અને સંદર્ભ દર્શિત ઠરાવ અન્વયે જણાવવાનું કે તાલુકા, જિલ્લા અને રાજ્ય કક્ષાએ શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક આપવા અંગેનો સુધારા ઠરાવ આ સાથે સામેલ રાખી મોકલી આપવામાં આવે છે. સદર ઠરાવની જોગવાઇ મુજબ સંદર્ભ દર્શિત શિક્ષણ વિભાગના ઠરાવ ૧ અને ૨ થી કરવામાં આવેલ જોગવાઇ રદ કરવામાં આવેલ છે.

તાલુકા, જિલ્લા અને રાજ્ય કક્ષાએ શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક આપવા અંગે શિક્ષણ વિભાગના તા. ૨૫/૬/૨૦૧૯ ના ઠરાવની જોગવાઇ મુજબ જિલ્લા કક્ષાએ કરવાની થતી નીચે મુજબ કાર્યવાહી કરવાની રહેશે.

(૧) રાજયની સરકારી, બિન સરકારી અનુદાનિત પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં હાલમાં શૈક્ષણિક કાર્ય કરતાં શિક્ષકો, મુખ્ય શિક્ષકો અને અપંગ બાળકોને શિક્ષણ આપતી સરકારી અને બિન સરકારી અનુદાનિત સંસ્થાઓના શિક્ષકોમાંથી શ્રેષ્ઠ શિક્ષક તરીકે દર વર્ષે રાજય સરકાર ધ્વારા પસંદગી કરી પારિતોષિક આપવાની યોજનાની પુનઃરચના કરવામાં આવી છે. અને તે પ્રમાણે સપ્ટેમ્બર-૨૦૧૯ માં એનાયત કરવાના શ્રેષ્ઠ શિક્ષકોની પસંદગી કરવા માટે તાલુકા/જિલ્લા કક્ષાએથી અધ્યક્ષતા વાળી પસંદગી સમિતિ તરફથી ભલામણો સાથેની દરખાસ્ત મંગાવવામાં આવે છે..

(૨) જિલ્લા શિક્ષણાધિકારીએ આવી દરખાસ્તો, આ કચેરીને નીચેના સમય પત્ર પ્રમાણે રૂબરૂમાં મોકલી આપવા જણાવવામાં આવે છે. જિલ્લાની દરખાસ્તો વિલંબથી રજુ થવાના પરિણામે ઘણી વહીવટી મુશ્કેલી ઉપસ્થિત થઇ શકે છે. આવુ ન બને તેની સૌએ કાળજી લેવી.

રાજ્ય કક્ષાના એવોર્ડ માટે સૌ પ્રથમ તાલુકા કક્ષાની પસંદગી બાદ જિલ્લા કક્ષાની પસંદગી કર્યા બાદ રાજય પારિતોષિક મેળવવા માટેની દરખાસ્તો નીચે દર્શાવેલા જિલ્લાઓની સામે જણાવેલ તારીખ દરમ્યાન અત્રેની કચેરીને રૂબરૂમાં મળી જાય, તેવી વ્યવસ્થા કરવાની રહેશે.

| ક્રમ | જિલ્લાઓના નામ | આ કચેરીમાં રૂબરૂ રજુ કરવાની તારીખ | સમય અને વાર |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | વડોદરા, અમદાવાદ શહેર, અમદાવાદ ગ્રામ્ય, ખેડા, આણંદ, પાટણ, મહેસાણા, ગાંધીનગર | ૩૧/૭/૨૦૧૯ | બુધવાર ૧૧.૦૦ કલાકે |
| ૨ | ભરૂચ, નર્મદા, નવસારી, ડાંગ, વલસાડ, સુરત, તાપી, સાબરકાંઠા, અરવલ્લી | ૩૧/૭/૨૦૧૯ | બુધવાર ૨.૦૦ કલાકે |

| | | | |
|---|---|---|---|
| ૩ | રાજકોટ, જામનગર, સુરેન્દ્રનગર,મોરબી, બોટાદ,દે.દ્વારકા કચ્છ, બનાસકાંઠા, પંચમહાલ, | ૧/૮/૨૦૧૯ | ગુરૂવાર ૧૧.૦૦ કલાકે |
| ૪ | પોરબંદર, ભાવનગર, જુનાગઢ, અમરેલી, ગીરસોમનાથ દાહોદ, છોટાઉદેપુર, મહીસાગર | ૧/૮/૨૦૧૯ | ગુરૂવાર ૨.૦૦ કલાકે |

(૩) તાલુકા કક્ષા અને જિલ્લા કક્ષાના એવોર્ડ માટે ઉક્ત ઠરાવથી નિયત કરેલ સમિતિએ, નિયત સમય મર્યાદામાં કામગીરી પૂર્ણ કરવાની રહેશે. ચાલુ વર્ષે વહીવટી પ્રક્રિયાને કારણે વિલંબ થયેલ હોઇ ચાલુ વર્ષે તાલુકા કક્ષાએ તથા જિલ્લા કક્ષાએ એવોર્ડ માટે શિક્ષકની પસંદગી કરવા માટે તા. ૨૦/૭/૨૦૧૯ સુધીમાં પસંદગી સમિતિ બોલાવી, પસંદગી પ્રક્રિયા પૂર્ણ કરવાની રહેશે. રાજ્ય કક્ષાએ પારિતોષિક આપવા માટે તા. ૨૮/૭/૨૦૧૯ ના રોજ પસંદગી પ્રક્રિયા પૂર્ણ કરવાની રહેશે અને રાજ્ય કક્ષાએ પસંદગી પામેલ શિક્ષકોની દરખાસ્ત, આ કચેરીને ઉપરોક્ત કોઠામાં દર્શાવ્યા પ્રમાણેની તારીખે રૂબરૂમાં મળે, તે રીતે મોકલી આપવાની રહેશે.

(૪) શિક્ષણ વિભાગના તા. ૨૫/૬/૨૦૧૯ ના ઠરાવની જોગવાઇ ફકરા (ચ) મુજબ તાલુકા, જિલ્લા અને રાજ્ય કક્ષાએ શ્રેષ્ઠ શિક્ષક માટે સરકારી અને અનુદાનિત શાળાના શિક્ષકની જ પસંદગી કરવાની રહેશે.

પાત્રતા ધરાવતા શિક્ષકો વધુમાં વધુ સંખ્યામાં દરખાસ્તો કરે તે માટે સરકારશ્રીના શિક્ષણ વિભાગના તા. ૨૫/૬/૨૦૧૯ ના ઠરાવની જોગવાઇ અનુસાર વધુમાં વધુ પ્રચાર પ્રસાર થાય તે મુજબ કાર્યવાહી કરવાની રહેશે. વધુમાં અત્રેની કચેરી દ્વારા શ્રેષ્ઠ શિક્ષક પારીતોષિક અંગેની જાહેર નિવિદા આપવામાં આવેલ છે. તેને પણ ધ્યાને લઇ કાર્યવાહી કરવાની રહેશે.

રાજ્ય પારિતોષિકની દરખાસ્ત કરવા માટે આ સાથે સામેલ પરિશિષ્ટ-૧, તથા પ્રમાણપત્રો, નિયત નમૂનામાં આપવામાં આવેલ છે. તેમાં જરૂરી વિગતો-માહિતી ભરી, કર્મચારી તથા અધિકારીના સહી સિક્કા કરાવી દરખાસ્ત તૈયાર કરી મોકલી આપવાની રહેશે.

દરખાસ્ત મોકલવાનું સ્થળઃ- અધિક્ષકશ્રી – જ શાખા, પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી, બ્લોક ૧૨/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગુ.રા.ગાંધીનગર

નિયામક
પ્રાથમિક શિક્ષણ,
ગુ. રા. ગાંધીનગર

નકલ સવિનય જાણ સારૂ-

૧. નિયામકશ્રી જી.સી.ઇ.આર.ટી. ગાંધીનગર. જીવન શિક્ષણમાં પ્રસિધ્ધ કરવા સારુ.
૨. નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, જુના સચિવાલય, ગાંધીનગર
૩. સચિવશ્રી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ ગાંધીનગર આપના તરફથી પ્રસિધ્ધ થતા માધ્યમિક શિક્ષણ પરિક્ષણ માસિકમાં પ્રસિધ્ધ કરવા સારુ.
૪. જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓ - (તમામ)
૫. તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી તમામ આપના કાર્યક્ષેત્રની દરખાસ્તો મર્યાદામાં જિલ્લા શિક્ષણાધિકારીને રજુ કરવા કાળજી લેવા સારૂ.(મારફત જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી)
૬. શાસનાધિકારીશ્રીઓ/મહાનગર/નગરશિક્ષણસમિતિઓ/(તમામ)આપનાકાર્યક્ષેત્રનીદરખાસ્તો સમય મર્યાદામાં તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી રજુકરવા કાળજી લેવા સારૂ.
૭. પ્રમુખશ્રી ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘ, દિગવિજયસિંહ જાડેજા,મુ.પો., જી.જામનગર.
૮. પ્રમુખશ્રી ગુજરાત રાજ્ય માધ્યમિક શિક્ષક સંઘ, શ્રી રમેશભાઇ બી. પટેલ, ૧૭-એ. પ્રાર્શ્વનાથ સોસાયટી,, ધનશ્યામ વાડી સામે, રાણીપ, અમદાવાદ-૩૮૨૪૮૦
૯. પ્રમુખશ્રી ગુજરાત રાજ્ય ઉચ્ચ માધ્યમિક શિક્ષક સંઘ. શ્રી પંકજભાઇ પટેલ, ૨૦, સૂર્યરત્ન બંગ્લોઝ, સાયન્સ સીટી રોડ, સોલા-અમદાવાદ-૩૮૦૦૬૦
૧૦. પ્રમુખશ્રી- ગુજરાત રાજ્ય આચાર્ય સંઘ ૧૧. પ્રમુખશ્રી, શૈક્ષિક સંઘ

તાલુકા, જીલ્લા અને રાજયકક્ષાએ શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક આપવા બાબત

---

ગુજરાત સરકાર,

શિક્ષણવિભાગ,

સચિવાલય, ગાંધીનગર

ઠરાવક્રમાંકઃપીઆરઇ/૧૧૨૦૧૯/સીંફ઼ા-૧૩/ક,

તારીખ ૨૫/૦૬/૨૦૧૯

વંચાણે લીધા:

(૧). શિક્ષણ વિભાગનો તા. ૦૭/૦૮/૨૦૧૪નો ઠરાવ ક્રમાંક પીઆરઇ-૧૧-૨૦૧૪/૩૦૬૯૩૨/ક

(૨). શિક્ષણ વિભાગનો તા. ૦૧/૧૨/૨૦૧૫નો ઠરાવ ક્રમાંક પીઆરઇ-૧૧-૨૦૧૪/૩૦૬૯૩૨/ક

(૩). નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરીની તા.૧૭/૦૬/૨૦૧૯ના સીંગલ ફાઇલથી કરેલ દરખાસ્ત ક્રમાંકઃપ્રાશિનિ/જ/સિંગલફાઇલ/ રા.પા.નિ.સુધારો/૨૦૧૯/૭

**પ્રસ્તાવના** :

શિક્ષણ વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક (૧) અને (૨) ઉપરના તા.૦૭/૦૮/૨૦૧૪ અને તા.૦૧/૧૨/૨૦૧૫ના ઠરાવ ક્રમાંકઃપીઆરઇ-૧૧-૨૦૧૨/૩૧૪૬૬૯/ક થી શ્રેષ્ઠ શિક્ષકને તાલુકા, જીલ્લા અને રાજયકક્ષાએ પારિતોષિક આપવા બાબતો નક્કી કરવામાં આવેલ. ઉક્ત હયાત જોગવાઇઓની સમીક્ષા કરવા અંગેની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ**:

તાલુકા, જીલ્લા અને રાજયકક્ષાએ શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક આપી પ્રોત્સાહિત કરવા માટેની હયાત જોગવાઇઓ બાબતે આમુખમાં દર્શાવેલ ઠરાવો અને દરખાસ્ત પરત્વે થયેલ કાળજીપૂર્વકની વિચારણાને અંતે, ઉક્ત વંચાણે લીધેલ ક્રમાંક (૧) અને (૨) ઉપરના આ વિભાગના તા.૦૭/૦૮/૨૦૧૪ અને તા.૦૧/૧૨/૨૦૧૫ના ઠરાવ ક્રમાંકઃપીઆરઇ-૧૧-૨૦૧૨/૩૧૪૬૬૯/ક ને આથી રદ કરવામાં આવે છે અને તેને સ્થાને નીચે મુજબની જોગવાઇઓ આથી અમલમાં લાવવામાં આવે છે. જેની વિસ્તૃત વિગતો નીચે મુજબ છે.

**(ક) દરખાસ્ત મંગાવવા માટેની જોગવાઇ:**

રાજ્યમાં આવેલ દરેક શાળાના શિક્ષક શ્રેષ્ઠ શિક્ષક અવોર્ડની માહિતિથી વાકેફ થઇ શકે તે હેતુથી તાલુકા, જિલ્લા અને રાજ્યના શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડની બાબતમાં બહોળી પ્રસિદ્ધિ ધરાવતા દૈનિક પત્રમાં જાહેરાત આપવાની રહેશે. અન્ય વ્યક્તિ ,સમાજ કે સંસ્થા પણ શ્રેષ્ઠ શિક્ષકના ઉમેદવારનાં નામ જિલ્લા પસંદગી સંમિતિને સુચવી શકશે. જિલ્લા પસંદગી સમિતિએ તેવી વ્યક્તિઓના કાર્યની પણ સ્થળ ચકાસણી કરી,પસંદગી પ્રક્રિયામાં તેઓના નામનો સમાવેશ કરવાનો રહેશે.

**(ખ) પુરસ્કારની વિગત**

1. તાલુકા કક્ષાએ રૂ.૫૦૦૦ /- રોકડ પુરસ્કાર ,શાલ અને પ્રમાણપત્ર અને જે તે શાળા માટે બ્રાસ પ્લેટ એનાયત કરવાની રહેશે.
2. જિલ્લા કક્ષાએ રૂ.૧૫૦૦૦/- રોકડ પુરસ્કાર,શાલ અને પ્રમાણપત્ર અને જે તે શાળા માટે બ્રાસ પ્લેટ એનાયત કરવાની રહેશે.
3. રાજ્ય કક્ષાએ રૂ.૫૧૦૦૦ /- રોકડા પુરસ્કાર,શાલ અને પ્રમાણપત્ર અને જે તે શાળા માટે બ્રાસ પ્લેટ એનાયત કરવાની રહેશે.

**(ગ) પારિતોષિક માટે ઝોન**

પારિતોષિક માટે નીચે દર્શાવ્યા મુજબ ચાર ઝોન નિયત કરવામાં આવે છે.

| ઝોન | આવરી લેવાયેલ જીલ્લાઓનો વિસ્તાર |
|---|---|
| સૌરાષ્ટ્ર ઝોન | રાજકોટ, જામનગર,જૂનાગઢ,ભાવનગર ,મોરબી.ગીર સોમનાથ,દેવભૂમિ દ્વારકા,પોરબંદર,અમરેલી |
| ઉત્તર ઝોન | કચ્છ,બનાસકાંઠા,સાબરકાંઠા,પાટણ,અરવલ્લી ,મહિસાગર,મહેસાણા,સુરેન્દ્રનગર. |
| મધ્ય ઝોન | ગાંધીનગર,અમદાવાદ,ખેડા,આણંદ,પંચમહાલ ,છોટા ઉદેપુર,બોટાદ,દાહોદ |
| દક્ષિણ ઝોન | વડોદરા,ભરૂચ,સુરત,નવસારી,વલસાડ,ડાંગ,તાપી,નર્મદા |

### (ધ) એવોર્ડનો બ્રેક અપ

તાલુકા કક્ષાના, જિલ્લા કક્ષાના અને રાજયકક્ષાએ એવોર્ડની પસંદગી માટે નીચે દર્શાવ્યા પ્રમાણેનો અનુભવ ધ્યાને લેવાનો રહેશે.

1. તાલુકા કક્ષાએ બે પારિતોષિક આપવાના રહેશે.જે ફક્ત પ્રાથમિક શાળાના શિક્ષકો માટે જ છે,જેથી દર વર્ષે બે પ્રાથમિક શિક્ષકોને તાલુકા કક્ષાના પુરસ્કાર મળી શકશે.
   તાલુકા કક્ષાએ પારિતોષિક માટેનો લઘુતમ અનુભવ ૫ વર્ષનો રહેશે.
2. જિલ્લા કક્ષાના ચાર પારિતોષિક આપવાના રહેશે. જેમાં બે પારિતોષિક પ્રાથમિક શાળાના શિક્ષકો માટે, એક પારિતોષિક માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાના શિક્ષકો માટે ,જ્યારે એક પુરસ્કાર સી.આર.સી./બી.આર.સી./કેળવણી નિરીક્ષક/એચ.ટાટ આચાર્ય કે તેમના સમકક્ષ કેટેગરી પૈકી ગમે તે એકમાટે આપવાનો રહેશે.
   જિલ્લા કક્ષાએ પારિતોષિક માટેનો લઘુતમ અનુભવ ૧૦ વર્ષનો રહેશે.
3. રાજ્યકક્ષાના આ પારિતોષિકોની પસંદગી માટે નીચેની બાબતો ધ્યાનમાં લેવાની રહેશે.

| નં | સંવર્ગ | અનુભવની જોગવાઇઓ |
|---|---|---|
| ૧ | સરકારી પ્રાથમિક/માધ્ય./ઉ.મા. શાળાના શિક્ષકો | ૧૫ વર્ષનો શિક્ષક તરીકેનો લઘુતમ અનુભવ જરૂરી રહેશે. |
| ૨ | માધ્યમિક/ઉ.મા.શાળાના આચાર્ય | કુલ ૧૫ વર્ષનો લઘુતમ અનુભવ જેમાં ઓછામાં ઓછો ૫ વર્ષનો આચાર્ય તરીકેનો લઘુતમ અનુભવ જરૂરી રહેશે. |
| ૩ | સી.આર.સી. | કુલ ૧૫ વર્ષનો લઘુતમ અનુભવ જેમાં ઓછામાં ઓછો ૫ વર્ષનો સી.આર.સી.તરીકેનો લઘુતમ અનુભવ જરૂરી રહેશે. |
| ૪ | બી.આર.સી. | કુલ ૧૫ વર્ષનો લઘુતમ અનુભવ જેમાં ઓછામાં ઓછો ૫ વર્ષનો બી.આર.સી. તરીકેનો લઘુતમ અનુભવ જરૂરી રહેશે. |

| | | |
|---|---|---|
| ૫ | મદદનીશ શિક્ષણ નિરીક્ષક (માધ્યમિક) | કુલ ૧૫ વર્ષનો લઘુતમ અનુભવ જેમાં ઓછામાં ઓછો ૫ વર્ષનો મદદનીશ શિક્ષણ નિરીક્ષક તરીકેનો લઘુતમ અનુભવ જરૂરી રહેશે. |
| ૬ | કેળવણી નિરીક્ષક | કુલ ૧૫ વર્ષનો લઘુતમ શૈક્ષણિક અનુભવ જે પૈકી ઓછામાં ઓછો ૫ વર્ષનો કેળવણી નિરીક્ષક તરીકેનો લઘુતમ અનુભવ જરૂરી રહેશે. |
| ૭ | એચ.ટાટ મુખ્ય શિક્ષક | કુલ ૧૫ વર્ષનો લઘુતમ શૈક્ષણિક અનુભવ જે પૈકી ઓછામાં ઓછો ૫ વર્ષનો એચ.ટાટ મુખ્ય શિક્ષક તરીકેનો લઘુતમ અનુભવ જરૂરી રહેશે. |
| ૮ | દિવ્યાંગ શાળાઓના શિક્ષકની કેટેગરી | ૧૫ વર્ષનો શિક્ષક તરીકેનો લઘુતમ અનુભવ જરૂરી રહેશે. |

4. ઉક્ત કેટેગરી પૈકી જેઓને ભારત સરકાર તરફથી શિક્ષકો માટેનું "રાષ્ટ્રીય પારિતોષિક " મેળવ્યું હોય તેઓ આ પારિતોષિક માટે પાત્ર ગણાશે નહિ.
5. જેમને એકવાર આવું રાજ્ય , જિલ્લા કે તાલુકા પારિતોષિક આપવામાં આવેલ હોય તેઓને ફરીથી તે પારિતોષિક મળી શકશે નહિ.
6. કોઈપણ વ્યક્તિ રાજ્ય, જિલ્લા કે તાલુકા કક્ષાના પારિતોષિક પૈકી,કોઈ એક પારિતોષિક માટે અરજી કરી શકશે.

**(ચ ) પારિતોષિકની વહેચણી**

આ પારિતોષિકો પ્રાથમિક શાળાના શિક્ષક,માધ્યમિક શાળાના શિક્ષક ,ઉચ્ચત્તર માધ્યમિક શાળાના શિક્ષક,માધ્યમિક/ઉચ્ચ માધ્યમિક શાળાના આચાર્ય , સી.આર.સી., બી.આર.સી .,મદદનીશ શિક્ષણ નિરીક્ષક,એચ.ટાટ મુખ્ય શિક્ષક,કેળવણી નિરીક્ષક અને અપંગ બાળકોને શિક્ષણ આપતી સરકારી અને અનુદાનિત શાળાના શિક્ષકો માટે કુલ- ૫૨(બાવન)

પારિતોષિકો રહેશે. જે વર્ષ માટે પારિતોષિક આપવાનું હોય તે શૈક્ષણિક કેલેન્ડરમાં નિવૃત થવાના હોય તે શિક્ષક /આચાર્યને પારિતોષિક માટે વિચારણા યોગ્ય ગણવાના રહેશે.

**ઝોન દીઠ પારિતોષિકની ફાળવણી નીચે મુજબ રહેશે.**

| પ્રકાર | ઝોન દીઠ ફાળવેલ પારિતોષિકની સંખ્યા | કુલ એવોર્ડ |
|---|---|---|
| સરકારી પ્રાથમિક શાળાના શિક્ષકો | ૫ | ૨૦ |
| માધ્યમિક શાળાના શિક્ષકો | ૨ | ૦૮ |
| ઉચ્ચ માધ્યમિક શાળાના શિક્ષકો | ૧ | ૦૪ |
| માધ્યમિક / ઉચ્ચ માધ્યમિક શાળાના આચાર્યો | ૨ | ૦૮ |
| કેળવણી નિરીક્ષક (પ્રાથમિક) | ૧ | ૦૪ |
| સી.આર.સી.બી.આર.સી.,મદદનીશ શિક્ષણ નિરીક્ષક,એચ.ટાટ મુખ્ય શિક્ષક | ૧ | ૦૪ |
| દિવ્યાંગ બાળકોને શિક્ષણ આપતી સરકારી અને બિન સરકારી સંસ્થાઓના શિક્ષકો માટે | ૧ | ૦૪ |
| કુલ પારિતોષિકની સંખ્યા | ૫૨ | |

**(છ) પસંદગી સમિતી:**

1. તાલુકા/જિલ્લા/રાજ્ય પારિતોષિક માટે પસંદગી કરવા માટેજીલ્લા કક્ષાએ એક પસંદગી સમિતિની રચના કરવાની રહેશે, આ સમિતિમાં નીચેના સભ્યો રહેશે.

| | | |
|---|---|---|
| ૧ | જિલ્લા શિક્ષણાધિકારીશ્રી | કન્વીનરશ્રી |
| ૨ | જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી | સભ્યશ્રી |
| 3 | પ્રાચાર્યશ્રી,જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન | સભ્યશ્રી |
| ૪ | જીલ્લાના એક કેળવણીકાર(જેમની નિયુક્તિ કન્વીનર કરશે.) | સભ્યશ્રી |
| ૫ | જે તે જીલ્લાના એવોર્ડી શિક્ષક ( જેમની નિયુક્તિ કન્વીનર કરશે.) | સભ્યશ્રી |
| નોંધ :- આ સમિતિનું કોરમ ત્રણ સભ્યોનું રહેશે અને આ સમિતિ તાલુકા/જિલ્લા કક્ષાનાં પારિતોષિક નક્કી કરશે અને રાજ્યકક્ષા માટે દરખાસ્તોની પસંદગી કરશે. | | |

2. રાજ્ય કક્ષાએ એક પસંદગી સમિતિ બનશે જેમાં નીચેના સભ્યો રહેશે.

| | | |
|---|---|---|
| ૧ | સચિવશ્રી (પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ) | અધ્યક્ષશ્રી |
| ૨ | કમિશ્નરશ્રી/નિયામકશ્રી, શાળાઓની કચેરી | સભ્યશ્રી |
| 3 | સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેકટર- એસ.એસ.એ. | સભ્યશ્રી |
| ૪ | નિયામક ,જી.સી.ઈ.આર.ટી. | સભ્યશ્રી |
| ૫ | બી.એડ.કોલેજના પ્રાચાર્ય | સભ્યશ્રી |
| ૬ | કેળવણીકાર (જેમની નિમણૂક પ્રાથમિક શિક્ષણ નિયામક કરશે.) | સભ્યશ્રી |
| ૭ | રાજ્ય/રાષ્ટ્રીય શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક વિજેતા એક શિક્ષક (જેમની નિમણૂક,પ્રાથમિક શિક્ષણ નિયામક કરશે.) | સભ્યશ્રી |
| ૮ | નિયામકશ્રી,પ્રાથમિક શિક્ષણ | સભ્ય સચિવશ્રી |
| ૯ | સંયુક્ત નિયામકશ્રી ,પ્રાથમિક શિક્ષણ | મદદનીશ સભ્ય સચિવશ્રી |
| નોંધ : આ સમિતિનું કોરમ ૪ સભ્યોનું રહેશે. | | |

3. તાલુકા કક્ષાના અને જિલ્લા કક્ષાના એવોર્ડીની પસંદગી, જિલ્લા કક્ષાની પસંદગી સમિતિએ જ્યારે રાજ્ય પારિતોષિક માટે એવોર્ડીની પસંદગી, રાજ્ય કક્ષાની પસંદગી સમિતિએ કરવાની રહેશે.

**(જ)** ઉક્ત પારિતોષિક મેળવવા ઈચ્છુક અરજદારોએ નીચેના અધિકારીશ્રીઓ મારફત જીલ્લાના કન્વીનરશ્રીને નિયત નમૂનામાં દરખાસ્ત કરવાની રહેશે અથવા તેવા કોઈ શિક્ષક/આચાર્ય/સી.આર.સી./બી.આર.સી./મદદનીશ શિક્ષણ નિરીક્ષક/કેળવણી નિરીક્ષક તથા એચ.ટાટ મુખ્ય શિક્ષક માટે અન્ય વ્યક્તિ, સમાજ અને સંસ્થા પણ તેઓનો શા માટે શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિકમાં સમાવેશ કરવો જોઈએ? તેવા લેખિત કારણો સહિત અન્ય વ્યક્તિના નામ સુચવી શકશે. જિલ્લા પસંદગી સમિતિએ રચેલ નિષ્ણાતોની સમિતિએ આવી

દરખાસ્તો દ્વારા મળેલ નામનેસંબધિત શાળાઓની રૂબરૂ મુલાકાત લઇ,આ સાથે સામેલ **પરિશિષ્ટ-૧** મુજબની બાબતો ચકાસી, ગુણાંકન કરવાનું રહેશે.

1. માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાના સરકારી કે અનુદાનિત શાળાના શિક્ષકો/ આચાર્યો અને મદદનીશ શિક્ષક નિરીક્ષકની બાબતમાં જિલ્લા શિક્ષણાધિકારીશ્રી મારફત દરખાસ્ત કરવાની રહેશે.
2. સરકારી કે ખાનગી પ્રાથમિક શાળાના શિક્ષક,આચાર્ય,સી.આર.સી.,બી.આર.સી., કેળવણી નિરીક્ષક /એચ.ટાટ આચાર્ય / મુખ્ય શિક્ષકની બાબતમાં જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી મારફત દરખાસ્ત કરવાની રહેશે.
3. દિવ્યાંગ બાળકોને શિક્ષણ આપતી સરકારી અને બિન સરકારી સંસ્થાઓના શિક્ષકો માટેની કેટેગરીનાં પારિતોષિકની બાબતમાં જિલ્લા શિક્ષણાધિકારીશ્રી મારફત દરખાસ્ત કરવાની રહેશે.

**(ઝ) જિલ્લા પસંદગી સમિતિએ કરવાની થતી કાર્યવાહી**

1) શિક્ષકો દ્વારા સીધી અથવા અન્ય વ્યક્તિઓ,સંસ્થા, સમાજ દ્વારા રજૂ થયેલ નામો વાળા શિક્ષક/આચાર્ય/કર્મચારીની કામગીરીની ચકાસણી માટે એક સમિતિ બનાવવાની રહેશે.
2) આ સમિતિમાં જેઓ તટસ્થ મૂલ્યાંકન કરવાની ક્ષમતા ધરાવતા હોય, તેવા નિવૃત/એવોર્ડી શિક્ષક/આચાર્ય/બી.આર.સી./સી.આર.સી./નિરીક્ષક પૈકી કોઈપણ બે વ્યક્તિઓ રાખવાના રહેશે. વર્તમાનમાં કામ કરતાં શિક્ષક/ આચાર્ય/સી.આર.સી./બી.આર.સી./કેળવણી નિરીક્ષક પૈકી કોઈપણ બે વ્યક્તિને નિમવાના શકશે.
   જિલ્લા પસંદગી સમિતિના ઓછામાં ઓછા એક સભ્યશ્રીને આવી સમિતિના કન્વીનર તરીકે નિમવાના રહેશે.
3) જિલ્લામાં આવેલ દરખાસ્તોની સંખ્યાને ધ્યાને લઇ, સમયમર્યાદામાં કામગીરી પૂર્ણ થાય તેટલી સંખ્યામાં નિરીક્ષણ ટીમો બનાવવાની રહેશે.
4) જીલ્લા પસંદગી સમિતિની બેઠક બોલાવી,તમામ સભ્યોના અભિપ્રાયો મેળવી, સમિતિમાં કોનો સમાવેશ કરવો? તે નિર્ણય કરવાનો રહેશે.
5) નિરીક્ષણ સમિતિએ કરેલ મૂલ્યાંકનનાં આધારે જિલ્લા સમિતિની બેઠક બોલાવી, તાલુકા,જિલ્લાનાં શ્રેષ્ઠ પારિતોષિક માટે સંવર્ગવાર નામોની પસંદગી કરવાની રહેશે.

6) આ ઠરાવમાં (ઠ)માં દર્શાવેલ સંખ્યામાં રાજ્ય પારિતોષિક માટેની ભલામણ માટે સમિતિએ નિર્ણય કરવાનો રહેશે.

7) જ્યારે જ્યારે જિલ્લા પસંદગી સમિતિની બેઠકો મળે ત્યારે તેની કાર્યવાહી નોંધ રાખવાની જવાબદારી જિલ્લા શિક્ષણાધીકારીની રહેશેતેમજ આ કાર્યવાહીનો રેકર્ડ જિલ્લા શિક્ષણાધીકારીની કચેરીમાં જાળવવાનો રહેશે

8) પ્રાથમિક શિક્ષણને લગતા કર્મચારીઓ માટે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધીકારી અને માધ્યમિક કે ઉચ્ચત્તર માધ્યમિકને લગતા કર્મચારીઓ માટે જિલ્લા શિક્ષણાધિકારીઓએ તાલુકા કે જિલ્લાનાં એવોર્ડ માટે ભલામણ કરતા પહેલા તે કર્મચારી વિરૂદ્ધ કોઈ ખાતાકીય તપાસ, પ્રાથમિક તપાસ ચાલુ, સૂચિત કે પડતર નથી તથા તે કર્મચારીને તેના સેવાકાળ દરમ્યાન કોઈ શિક્ષા કરવામાં આવેલ નથીતે મુજબનું પ્રમાણપત્ર આપવાનું રહેશે.જે કિસ્સામાં આવું પ્રમાણપત્ર આપી શકાય તેમ ન હોય,તે કિસ્સામાં પારિતોષિક માટે ભલામણ કરવાની રહેશે નહી.

9) જિલ્લા પસંદગી સમિતિએ આ ઠરાવ સાથે સામેલ પરિશિષ્ટ-૧ મુજબના ગુણાંકન પત્રક પ્રમાણેના ગુણભાર મુજબ મૂલ્યાંકન કરવાનું રહેશે.

**(ટ) પસંદગીના ધોરણો નીચે પ્રમાણે રહેશે.**

(1) સ્થાનિક પ્રજામાં પ્રતિષ્ઠા

(2) વ્યક્તિની શૈક્ષણિક શક્તિ અને સામાન્ય કાર્યદક્ષતા.

(3) બાળકોમાં તેમનો રસ અને બાળકો માટેનો પ્રેમ

(4) ખાસ કરીને શાળાના બાળકોનો અને સામાન્ય રીતે સમાજના સામાજિક અને સાંસ્કૃતિક ઉત્કર્ષમાં તેમનો હિસ્સો.

(5) શાળાની ભૌતિક સુવિધાઓ અને શૈક્ષણિક સુવિધાઓ ઉભી કરવામાં સમાજ સાથેની લોક ભાગીદારીના પ્રયાસો.

(6) પ્રાથમિક શાળાના શિક્ષક,આચાર્ય,સી.આર.સી.,બી.આર.સી.કેળવણી નિરીક્ષક /એચ.ટાટ મુખ્ય શિક્ષકની બાબતમાં કન્યા કેળવણીને ઉત્તેજન નામાંકન તેમજ સ્થાયીકરણનાં પ્રયાસો.

(7) સામાજિક ઉત્થાન ,જાગરૂકતા અને સામાજીક પરિવર્તનનાં દૂત તરીકે તેઓની વ્યક્તિગત અને સંસ્થાકીય ભૂમિકા.

(8) શાળા અને સમાજ વચ્ચે અનુબંધ સાધવાના પ્રયાસો.

(ઠ)પ્રત્યેક જિલ્લા કક્ષાની સમિતિએ રાજ્ય પારિતોષિક માટે વધુમાં વધુ નીચે દર્શાવ્યા પ્રમાણેની ભલામણો કરવાની રહેશે.

| | | |
|---|---|---|
| ૧ | સરકારી પ્રાથમિક / મા./ઉ.મા.શાળાના શિક્ષકો | ૨ |
| ૨ | માધ્યમિક /ઉ.મા.શાળાનાં આચાર્ય | ૨ |
| ૩ | સી.આર.સી. | ૧ |
| ૪ | બી.આર.સી. | ૧ |
| ૫ | મદદનીશ શિક્ષણ નિરીક્ષક (માધ્યમિક),એચ.ટાટ આચાર્ય /મુખ્ય શિક્ષક | ૧ |
| ૬ | કેળવણી નિરીક્ષક | ૧ |
| ૭ | દિવ્યાંગ બાળકોને શિક્ષણ આપતી સરકારી અને બિન સરકારી સંસ્થાઓના શિક્ષકો માટેની કેટેગરી | ૧ |

(ડ) પસંદગી પ્રક્રિયાનો સમયગાળો

1) તાલુકા કક્ષાની પસંદગીની કાર્યવાહી એપ્રિલ માસમાં પૂર્ણ કરવાની રહેશે.
2) જિલ્લા કક્ષાની પસંદગી મે માસમાં પૂર્ણ કરવાની રહેશે.
3) રાજ્ય કક્ષાની પસંદગી જૂન- જુલાઈ માસમાં કરવાની રહેશે.
4) રાજય કક્ષાએ જિલ્લા સમિતિની ભલામણો દર વર્ષે મોડામાં મોડી 30 મી જૂનસુધીમાં પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરીમાં મોકલવાની રહેશે.
5) રાજ્યકક્ષાની સમિતિ, દરેક વિભાગ માટે નક્કી કરેલા પારિતોષિકની સંખ્યા જેટલા નામોની ભલામણ મોડામાં મોડી ૩૧ મી જુલાઈ સુધીમાં સરકારને મોકલશે.
6) રાજ્ય પારિતોષિકો દર વર્ષે ઓગષ્ટનાં ત્રીજા સપ્તાહમાં જાહેર કરવાનારહેશે.
7) રાજ્ય પારિતોષિકો દર વર્ષે પાંચમી સપ્ટેમ્બરનાં રોજ યોજાનાર ખાસ સમારંભ ખાતે પારિતોષિક માટે પસંદ થયેલા શિક્ષકોને એનાયત કરવાના રહેશે.

(ઢ), જિલ્લા કક્ષાની સમિતિઓ તરફથી મળેલી બધી અરજીઓની ચકાસણી પ્રાથમિક શિક્ષણ નિયામક કચેરીએ કરવાની રહેશે.ત્યારબાદ પ્રાથમિક શિક્ષણ નિયામકે સમિતિના બીજા સભ્યો સાથે ચર્ચા વિચારણા કરીને રાજ્ય કક્ષાની સમિતિની બેઠક રાખવાની રહેશે. જરૂર

જણાય તો આ સંબંધમાં દરખાસ્ત કરનારને સમિતિ સમક્ષ સમાલાપ માટે બોલાવવાના રહેશે.

➢ રાજ્ય કક્ષાની સમિતિએ નીચે મુજબ કાર્યવાહી કરવાની રહેશે:

- જિલ્લા કક્ષાએથી આવેલ ભલામણોમાંથી થયેલ ૧૧૦ માંથી મેળવેલ ગુણને ધ્યાને લેવાના રહેશે.વધુમાં,રાજ્યકક્ષાની સમિતિએ નીચે મુજબની બાબતો ધ્યાને લઇ,કુલ- ૧૩૦ ગુણ માંથી ગુણાંકન કરવાનું રહેશે.
- (૧) રજૂ કરેલ વિગતો અંગેની સત્યતા ૧૦ ગુણ
- (૨) રાજ્યકક્ષાની સમિતિએ સ્વતંત્ર રીતે મેળવેલ અહેવાલના આધારે આપવાના ગુણ ૧૦ ગુણ

૨. નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણએ આ ઠરાવની વિગતો લાગુ પડતી તમામ સંબંધિત કચેરીઓના ધ્યાન પર લાવવાની રહેશે અને આનુષંગિક કાર્યપદ્ધતિ માટે જરૂરી વહીવટી સુચનાઓ આપવાની રહેશે.

૩. આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર તા.૨૦/૦૬/૨૦૧૯ ની નોંધથી સરકારશ્રીની મળેલ મંજુરીના અનુસંધાને બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(વિ. ટી. મંડોરા)
સંયુક્ત સચિવ
શિક્ષણ વિભાગ

બિડાણ; પરિશિષ્ટ-૧

પ્રતિ:

- માન. રાજયપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર (પત્રથી)
- માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. નાયબ મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. મંત્રીશ્રી(શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. રા.ક.મંત્રીશ્રી(પ્રાથમિક શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી(શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી(પ્રાથમિક શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

- સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટરશ્રી, સર્વ શિક્ષા અભિયાનની કચેરી, ગાંધીનગર
- નિયામકશ્રી, શાળાઓની કચેરી, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરી, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- નાયબ સચિવશ્રી(માધ્યમિક શિક્ષણ), સચિવાલય, ગાંધીનગર
- સર્વે જીલ્લાકલેકટરશ્રીઓ
- સર્વે જીલ્લાશિક્ષણાધિકારીશ્રીઓ
- સર્વે જીલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓ
- સર્વે શાસનાધિકારીશ્રીઓ
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ

(ઉપરોક્ત પાંચ માટે) નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરી મારફત

- પગાર અને હિસાબે અધિકારીશ્રી, અમદાવાદ, ગાંધીનગર
- માહિતી નિયામકશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર- વ્યાપક પ્રસિધ્ધીસારૂ
- કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર(આ ઠરાવ વિભાગની વેબસાઇટ ઉપર અપલોડ કરવાની વિનંતી સહ.)
- સિલેકટ ફાઇલ

---

શિક્ષણ વિભાગના તા. ૨૪/૦૬/૨૦૧૯ના ઠરાવ ક્રમાંક પીઆરઇ/૧૧૨૦૧૯/સીંફા-૧૩/ક્નું બિડાણ

## પરિશિષ્ટ-૧

જીલ્લા પસંદગી સમિતિએ શ્રેષ્ઠ શિક્ષકની પસંદગી કરવા માટે મૂલ્યાંકન કરવા માટે ધ્યાને લેવાના મુદ્દાઓનું પત્રક નીચે મુજબ છે. જે મુજબ પસંદગી સમિતિએ મૂલ્યાંકન કરવાનું રહેશે.

કુલ ગુણભાર-૧૦૦

| ક્રમ | વિગત | ગુણ ભાર | માર્કિંગ | રિમાર્ક્સ |
|---|---|---|---|---|
| 1. | વિષય અંગેનું જ્ઞાન | 25 | વિષયવસ્તુ અને એ વિષય આધારિત પદ્ધતિ શાસ્ત્ર વિશેની શિક્ષક્ની જાણકારી પ્રશ્નોત્તરી , કસોટી વગેરે દ્વારા ચકાસણી | પસંદગી સમિતિ ઈચ્છે તે રીતે વિષય જ્ઞાન ચકાસી શકે |
| 2 | વર્ગખંડ વ્યવહાર/ અધ્યયન અધ્યાપન પદ્ધતિ અને વિદ્યાર્થીઓ સાથેનું જોડાણ | 15 | વિદ્યાર્થીઓ સાથે આત્મીયતા, વર્ગખંડની જીવંતતા, કોમ્પ્યુટર સહિત વિવિધ અધ્યયન અધ્યાપન સામગ્રીનો ઉપયોગ, વિદ્યાર્થીઓના કાર્યની ચકાસણી, ત્વરિત ઉપચારાત્મક કાર્ય વગેરે | સમિતિના સભ્યોએ વર્ગખંડો ની મુલાકાત લઇ શિક્ષકના અધ્યાપન કાર્યનું અવલોકન કરવું , વિદ્યાર્થીઓની નોટબૂક – સ્વઅધ્યયન પોથી ચકાસવી, વિદ્યાર્થીઓ સાથે ચર્ચા કરવી |
| 3 | અધ્યયન નિષ્પત્તિ- પરિણામ આધારિત | 35 | એકમ કસોટી, સત્રાંત અને વાર્ષિક (બોર્ડ લાગુ પડે તો બોર્ડની) પરીક્ષામાં વિદ્યાર્થીઓના પરિણામ આધારિત ગુણાંકન | છેલ્લા ત્રણ વર્ષના પરિણામો ધ્યાને લઈને તેની સરેરાશ લેવી. એકમ કસોટી/બોર્ડના ૨૦ ગુણ પૈકી અને સત્રાંત-વાર્ષિક પરીક્ષાના 15 ગુણ પૈકી ગણવા. |
| 4 | વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટેની પ્રવૃત્તિઓમાં સહભાગિતા | 15 | વિદ્યાર્થીઓના શારીરિક, માનસિક અને સાંવેગિક વિકાસ માટે શાળા કક્ષાએ યોજાતી વિવિધ પ્રવૃત્તિઓમાં શિક્ષક્ની ભાગીદારીને આધારે ગુણાંકન કરવું | આ ગુણાંકન માટે સમિતિએ શાળા ની પ્રાર્થનાસભા અને અન્ય સહ અભ્યાસ પ્રવૃત્તિઓ વિષે જાણકારી મેળવવીએ. આ પ્રવૃત્તિઓના આયોજન અને અમલીકરણમાં જે તે શિક્ષકની સામેલગીરીને ધ્યાને લઇ ગુણાંકન કરવું |

| | | | | |
|---|---|---|---|---|
| 5 | રાજ્ય કક્ષાએ પાઠ્યપુસ્તક/ મોડ્યુલના લેખન /સંપાદન/સમીક્ષા માં સહભાગિતા | 10 | એક પુસ્તક/મોડ્યુલ દીઠ 2 ગુણ ગણવા. મહત્તમ 10 ગુણ આપવા | જે તે શિક્ષક પાઠ્યપુસ્તક અથવા મોડ્યુલના લેખન, સંપાદન કે સમીક્ષામાં જોડાયા હોય તે ચકાસવું. |

જીલ્લા પસંદગી સમિતિએ નીરિક્ષણ કરનાર ટીમે આપેલ કુલ ગુણ તેમજ નીચેની વિગતે ગુણ મુકીને શ્રેષ્ઠ શિક્ષક પસંદ કરવાના રહેશે.

| | | |
|---|---|---|
| 1 | રજુ કરેલ વિગતો અંગેની સત્યતા | ૧૦ગુણ |

- જિલ્લા પસંદગી સમિતિએ આપેલ ભલામણોમાંથી થયેલ કુલ ગુણાંકન ૧૧૦ માંથી મેળવેલ ગુણ ને ધ્યાને લઇ, રાજય પસંદગી સમિતિએ તે ઉપરાંત નીચેની વિગતે ગુણ મૂકી શ્રેષ્ઠ શિક્ષક પસંદ કરવાના રહેશે.

| | | |
|---|---|---|
| 1 | રજૂ કરેલ વિગતો અંગેની સત્યતા | ૧૦ ગુણ |
| 2 | રાજ્ય કક્ષાની સમિતિએ ખાનગી રીતે મેળવેલ અહેવાલના આધારે આપવાનાં ગુણ | ૧૦ ગુણ |
| | કુલ ગુણ | ૨૦ ગુણ |

---

## સેટ – ૧

## પરિશિષ્ટ – ૧

## રાજ્ય પારિતોષિક ભલામણોના સેટ નીચેના ક્રમમાં બનાવવા

| | |
|---|---|
| ૧ | ભલામણોના સેટની ફાઇલના આગળના પૂંઠા પર અને પ્રથમ પાના પર રાખવાની વિગતો. |
| ૨ | નમૂનો ક-૧ |
| ૩ | પ્રમાણપત્ર-૧ નમૂનો ક-૧ માં ભરેલ વિગતો |
| ૪ | પ્રમાણપત્ર-૨ કોરા કાગળ પર પાંચ ફોટા આજુબાજુ બે બે અને વચ્ચેના એક ફોટાને પ્રમાણિત કરી પાંચ ફોટા ચોટાડવા. |
| ૫ | પ્રમાણપત્ર-૩ નોકરી તથા સામાજીક સેવાનો ઇતિહાસ |
| ૬ | પ્રમાણપત્ર-૪ બાયોડેટા અને કામગીરીની વિગતો સહિતનો જોડણીને ધ્યાને લઇ શુધ્ધ ગુજરાતી ભાષામાં ૨૦૦ શબ્દોનો રાઇટ-અપ દરખાસ્તમાં મુકવો અને તાલુકા સમિતિના રોજકામ સાથે અલગ આપવો અને તેની બે નકલ જિલ્લા સમિતિને મોકલવી. |
| ૭ | નમૂનો ક-૨ પ્રશ્નાવલી |
| ૮ | નમૂનો-ખ નોકરીનો વૃતાંત (હાલના તમારા હોદ્દાથી શરૂ કરીને તમારી દરેક નિમણૂક ઉલટા ક્રમમાં) |
| ૯ | પરિશિષ્ટ-૨ (નમુનો-ખ) જિલ્લા પસંદગી સમિતિ દ્વારા થયેલ રોજકામ. |

પારિતોષિક ભલામણના સેટની ફાઇલના આગળના પૂંઠા પર અને પ્રથમ પાના પર આપવાની વિગતો

| | | |
|---|---|---|
| ૧ | પારિતોષિક કેડર | |
| ૨ | ઝોન | |
| ૩ | જિલ્લો | |
| ૪ | તાલુકો | |
| ૫ | નામ | |
| ૬ | હોદ્દો | |
| ૭ | શાળાનું નામ | |
| ૮ | શાળાનું પુરુ સરનામુ પીનકોડ સાથે | |
| ૯ | શાળાનો ફોન નંબર | |
| ૧૦ | શિક્ષક/આચાર્યનો ફોન નંબર, મોબાઇલ નંબર | |
| ૧૧ | જિલ્લા શિક્ષણાધિકારીની કચેરીનું સરનામુ | |
| ૧૨ | જિલ્લા શિક્ષણાધિકારીની કચેરીનો ફોન નંબર | |

# નમૂનો ક-૧

**(પ્રાથમિક શાળાના શિક્ષક કે આચાર્ય/માધ્યામિક શાળાના શિક્ષક/ઉચ્ચતર માધ્યમિક શાળાના શિક્ષક/માધ્યામિક શાળાના આચાર્ય/ખાસ શાળાના શિક્ષક માટે) આપવાની થતી વિગતોઃ-**

..........................................................................................................................................

| | | |
|---|---|---|
| ૧ | પુરુ નામ　　અટક　　નામ　　પિતા/પતિનું નામ | |
| | | |
| ૨ | શાળાનું નામઃ | |
| ૩ | શાળાનું પુરુ સરનામુઃ | |
| ૪ | શાળાનો પ્રકારઃ (પ્રાથમિક/માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક/ખાસ શાળા) | |
| ૫ | પુરૂષ/સ્ત્રીઃ | |
| ૬ | જન્મ તારીખઃ | ☐☐ ☐☐ ☐☐☐☐ |
| ૭ | શાળામાં હોદ્દોઃ | |
| ૮ | કાયમી સરનામુઃ (ગામ/શહેર/મહોલ્લો/વિસ્તાર/વાયા પોસ્ટ/પીનકોર્ડ) | |
| ૯ | શૈક્ષણિક અને વ્યાવસાયિક લાયકાતોઃ | |

| ક્રમ | પરીક્ષા | પાસ કર્યાનું માસ/વર્ષ | પરીક્ષા લેનાર એજન્સી | મેળવેલ વર્ગ | પ્રયત્ન | વિષયો |
|---|---|---|---|---|---|---|
| ૧ | | | | | | |
| ૨ | | | | | | |
| ૩ | | | | | | |
| ૪ | | | | | | |
| ૫ | | | | | | |
| ૬ | | | | | | |

# ક – ૧

| | નોકરી દરમ્યાન મેળવેલ તાલીમોઃ- | | | | |
|---|---|---|---|---|---|
| ક્રમ | લીધેલ તાલીમની વિગત/વિષય | સમયગાળો<br>તા. / / થી<br>તા. / / | કુલ દિવસ | સ્થળ | તાલીમ આપનાર એજન્સી |
| ૧ | | | | | |
| ૨ | | | | | |
| ૩ | | | | | |
| ૪ | | | | | |
| ૫ | | | | | |

શિક્ષકની સહીઃ-

તાલુકા કેળવણી નિરીક્ષકની સહીઃ-

જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની સહીઃ-

## પ્રમાણપત્ર – ૧

આથી ખાતરી સહ પ્રમાણપત્ર આપવામાં આવે છે. કે, શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ માટેનો ક-૧ જે વિગત ભરી છે તે મારી જાણ અને માન્યતા પ્રમાણે સંપૂર્ણ સાચી છે અને જો તેમાં કોઇ વિગતો ખોટી હશે તો મારી અંગત જવાબદારી રહેશે.

શિક્ષકની સહીઃ-

તાલુકા કેળવણી નિરીક્ષકની સહીઃ-

જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની સહીઃ-

## પ્રમાણપત્ર – ૨

કોરા કાગળપર પાંચ ફોટા આજુ-બાજુ બે-બે અને વચ્ચેના એક ફોટાને પ્રમાણિત કરવા બાબત.

પ્રમાણિત
કરવો

શિક્ષકની સહીઃ-

શિક્ષણ નિરીક્ષકની સહીઃ-

જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની સહીઃ-

## પ્રમાણપત્ર – ૩

### નોકરી તથા સામાજીક સેવાઓનો ઇતિહાસ

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે ................................ ની ભલામણ પારિતોષિક માટે કરવામાં આવી છે તેઓની નોકરી તથા સામાજીક સેવાઓનો ઇતિહાસ સ્વચ્છ અને સ્પષ્ટ છે તેમની સામે ખાતાકીય તપાસ તે અંગેની કોઇ કામગરી ચાલુ કે સુચિત નથી. તેમજ તેમણે આ અગાઉ રાજ્ય પારિતોષિક કે રાષ્ટ્રીય પારિતોષિક મેળવેલ નથી.

શિક્ષકની સહીઃ- તાલુકા કેળવણી નિરીક્ષકની સહીઃ-

જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીની સહીઃ- જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની સહીઃ-

## પ્રમાણપત્ર – ૪

### ભલામણ કરેલ શિક્ષકોના બાયોડેટા

### (રોજકામ સાથે અલગ પણ જોડવું)

ભલામણ કરેલ શિક્ષકોના બાયોડેટા અને તેમની કામગીરીની વિગતો સહિતનો રાઇટ-અપ ૨૦૦ શબ્દોમાં ગુજરાતી શુદ્ધ ભાષામાં અને જોડણી ધ્યાને લઇને લખાય તે મુજબ રાઇટ-અપની નકલ દરખાસ્તમાં જોડવી અને તેમાં તાલુકા કેળવણી નિરીક્ષક અને જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની સહી હોવી જરૂરી છે.

શિક્ષકની સહીઃ-

તાલુકા કેળવણી નિરીક્ષકની સહીઃ-

જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીની સહીઃ-

જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની સહીઃ-

## નમૂનોઃ ક(૨) પ્રશ્નાવલી

નીચેના પ્રશ્નો વાંચો અને તમારી સંપૂર્ણ જ્ઞાન અને શક્તિ અનુસાર સાચા જવાબો આપો. પ્રશ્નો સામેની ખાલી જગ્યાઓમાં જવાબ લખવાના છે. શક્ય હોય ત્યાં તમારા જવાબના સમર્થનના હકીકતરૂપ પુરાવા અથવા માહિતી આપવી.

| | | |
|---|---|---|
| ૧ | વર્ગમાં શૈક્ષણિક કામ માટે તમારી પૂર્વ તૈયારી કેવી હોય છે ? અથવા તો તમે કેવી રીતે તૈયાર થાવ છો ? | |
| ૨ | તમારા વર્ગ શિક્ષણમાં તમે વારંવાર જેના પર આધાર રાખતા હો, તેવા અભ્યાસના અન્ય કોઇ વિષય કે ક્ષેત્રો છે ? | |
| ૩ | (૨) પ્રમાણેના સંક્ષિપ્ત દ્રષ્ટાંતો સહિત વિષયોના નામ જણાવો. | |
| ૪ | તમારા વિદ્યાર્થીઓ દૈનિક જીવન, તેમની આજુબાજુનું સ્થાનિક વાતાવરણ સાથે જોડવા માટે તમારો વિષય તેને કઇ કઇ તકો કઇ કઇ રીતે પુરી પાડે છે ? | |
| ૫ | સ્થાનિક વાતાવરણના કેટલીક ખાસ બાબતોનો અભ્યાસ કરાવવા ગત શૈક્ષણિક વર્ષ દરમ્યાન તમે કેટલીવાર તમારા વિદ્યાર્થીઓને વર્ગખંડ બહાર લઇ ગયા ? વિગતો આપો. | |
| ૬ | તમારો વર્ગ એક જુથ તરીકે જેના પર કામ કરતો હોય એવો કોઇ પ્રોજેક્ટ છે ? તો આ વર્ષ દરમ્યાન પ્રયોજેલા અથવા ચાલુ હોય તેવા આવા પ્રોજેક્ટની વિગતો આપો. | |
| ૭ | સામાન્ય રીતે તમે તમારા વિદ્યાર્થીઓને તેમના વર્ગકાર્યના ભાગ સ્વરૂપે કોઇ મોડેલ, ચિત્રો, ચાર્ટસ વિગેરે તૈયાર કરવા જણાવો છો ? તેની સંખ્યા કેટલી અને તેનું પરિણામ કેવુ આવ્યું છે ? | |
| ૮ | જ્યારે વર્ગમાં તમારી ગેરહાજરી હોય ત્યારે તમારો વર્ગ કઇ રીતે સમય પસાર કરે છે ? તમારી ગેરહાજરીમાં તેમનું કાર્ય ચાલુ રાખવા માટે તેમના પર તમે કેટલા અંશે વિશ્વાસ રાખી શકો છો ? | |
| ૯ | તમારા વર્ગમાં મુશ્કેલીઓ ઉભી કરનારા તોફાની વિદ્યાર્થીઓ સાથે કામ લેવાની તમારી સર્વ સામાન્ય પદ્ધતિઓ અને પ્રયુક્તિઓ શો હોય છે ? | |
| ૧૦ | તમારી કારકિર્દી દરમ્યાન શાળમાં શિસ્તભંગના કોઇ સામાન્ય કિસ્સાઓ બનેલા છે ? જો આમ થયું હોય તો આ પરિસ્થિતિને પહોંચી વળવા | |

| | | |
|---|---|---|
| | તમે શો ભાગ ભજવેલ છે ? અથવા તમારા વિધેયાત્મક પ્રયાસો કેવા રહ્યા છે ? | |
| ૧૧ | તમે નિયમિત રીતે સામયિક કે મેગેઝીન મંગાવો છો ? વાંચો છો ? વિગતો આપો.છેલ્લા ત્રણ વર્ષમાં આવા સામયિકો અને મેગેઝીનના નામ તથા તે વાંચવાથી તમને તમારી શિક્ષણિક તથા વ્યવસાયિક સજ્જતામાં વધારો કરવા કઇ રીતે ઉપયોગી બન્યા છે ? | |
| ૧૨ | તમારા વિષયો પર ચર્ચા-સભાઓ કે સ્પર્ધાઓ વગેરે યોજવામાં તમે કોઇ પ્રકારે રસ લીધો છે ? વિગતો આપો. | |
| ૧૩ | છેલ્લા પાંચ વર્ષમાં તમે કોઇ પરિસંવાદ, કાર્યશાળા (વર્કશોપ) શૈક્ષણિક પરિષદોમાં હાજરી આપી છે ? આ હાજરી અને આવા પરિસંવાદ પરિષદના ચર્ચાના વિષયો ક્યા રહ્યા હતા ? અને તમારા વર્ગ શિક્ષણ કાર્યને અસરકારક બનાવવામાં શી રીતે ઉપયોગી બની શક્યા છે ? તેની વિગતો આપો. | |
| ૧૪ | તમોએ તમારી શાળાના વિકાસ માટે કોઇ વખત દાન/ફાળા એકત્ર કર્યા છે ? ક્યારે અને કેવી રીતે તથા કેટલા પ્રમાણમાં તે જણાવો અને આનાથી તમારી સામાજીક પ્રતિષ્ઠા અને શાળામાં અન્યો દ્વારા વેતન મેળવવા કે સમાજની સહભાગીદારીતા ઉભી કરવા માટે તમારા પ્રયાસો કઇ રીતે દીવાદાંડી બની શક્યા ? | |
| ૧૫ | તમે ક્યારેય એવું કાર્ય કર્યું છે ? કે જેનાથી તમારા અને તમારી શાળાની સામાજીક/શૈક્ષણિક પ્રતિષ્ઠા વધારી હોય ? | |
| ૧૬ | તમોએ ક્યારેય વિદ્યાર્થીઓ સમક્ષ તમારી થયેલ ભુલોનો એકરાર કરી સત્ય તરફ શ્રદ્ધા વધારવા પ્રયાસો કર્યા છે ? | |
| ૧૭ | તમારા વિદ્યાર્થીઓમાં ટેલિવિઝન, ચલચિત્રોને વધુ પ્રમાણમાં જોવાનું દુષણ ન પ્રવેશે તથા તેઓ અન્ય વ્યસનમાંથી પણ મુક્ત બની સમાજને રાહ ચીંધે તેવા પ્રયાસો કર્યા છે ? શું મુશ્કેલીઓ પડી અને નિરાકરણ કઇ રીતે કર્યું ? દા.ત. શાળાના સભ્ય તરીકે કઇ લખ્યુ હોય કે તમારા વિદ્યાર્થીઓને કઇ રચનાત્મક કાર્ય કરાવ્યું હોય ટુંકમાં જણાવો. | |
| ૧૮ | તમારા કોઇ સહકાર્યકરને અંગત સહાય કરવાની તમને કોઇવાર તક પ્રાપ્ત થઇ છે ? જો હા, તો કેવી રીતે ? | |

| | | |
|---|---|---|
| ૧૯ | તમારા સહ કર્મચારીના લાભાર્થે બીજા સહકાર્યકરોની સાથે અથવા તમારી જાતે તમે કરેલી કેટલીક પ્રવૃત્તિઓ જણાવો. | |
| ૨૦ | સામાન્ય પણે જુનીયર કર્મચારી વર્ગની સુખાકારી વધારવા તમે કોઇ નક્કર કાર્ય કર્યું છે ? જો આમ હોય તો ચોક્કસ કઇ રીતે ? | |
| ૨૧ | તમારા શોખ અને રસના વિષયો ક્યાં ક્યાં છે ? તમે તેની<br>(ક) પાછળ નિયમિત વખત આપો છો ?<br>(ખ) તમારી પ્રવિણતા તેમાના ક્યાં વિષયમાં છે ?<br>(ગ) તમારી પ્રવિણતા તેમાના ક્યાં વિષયમાં છે ? અભ્યાસ સાથેની કઇ કઇ પ્રવૃત્તિઓ તમે સંભાળી છે ? | |
| ૨૨ | ખાસ કરીને તમે શીખવાતા હોય તે વર્ગો માટે કોઇ અભ્યાસ વિષયક પ્રવૃત્તિઓ યોજો છો ? વિગત આપો. | |
| ૨૩ | શાળા અને સમાજ-સુધારણામાં રસ લેતા સમાજ જુથો અને સંસ્થાઓને તમે સહકાર આપ્યો છે ? દા.ત. સમાજ – શિક્ષણ વર્ગો સામુહિક યોજના કામો, સમાજ સેવાની પ્રવૃત્તિઓ વિગેરે. | |
| ૨૪ | કટોકટીના સમય એટલે કે, પુર, રોગચાળો, વિગેરેમાં સમાજની જરૂરીયાતોને પહોંચી વળવા વિદ્યાર્થી જુથોના સંચાલનમાં તમે મદદ કરી છે ? | |
| ૨૫ | સમાજના- સંસ્કૃતિક જીવનમાં તમે સક્રિય રસ લીધો છે ? નાટકો, મેળો ઉત્સવોની ઉજવણી જેવા કાર્યક્રમમાં તમે ભાગ લીધો છે ? | |
| ૨૬ | તમારી સંસ્થામાં વાલી-શિક્ષક મંડળ છે ? તમે નિયમિત રીતે બેઠકમાં હાજરી આપો છો ? તમને તે ઉપયોગી જણાયેલ છે ? દ્રષ્ટાંત આપો. | |
| ૨૭ | તમારા ગામ, શહેર, જિલ્લા વિગેરેની કોઇ સ્થાનિક સમિતિના તમે સભ્ય છો ? તમે પણ કોઇ હોદ્દો ધરાવો છો ? સમિતિએ કઇ સિદ્ધિ પ્રાપ્ત કરી છે અને ખાસ કરીને તેમાં તમારો શું ફાળો છે ? | |
| ૨૮ | તમારા પરીક્ષાના પરિણામો સામાન્ય રીતે કેવા ? તેનાથી તમને પુરતો સંતોષ ખરો ? જો હા, તો તમારી મુશ્કેલીઓ શી અને તેને સુધારવા તમે કેવા પગલા અપનાવશો ? શક્ય તેટલી હકીકતરૂપે માહિતી આપો. | |

આથી પ્રમાણિત કરું છું કે, મેં કરેલું નિવેદન સાચું અને સંપૂર્ણ છે.

સ્થળઃ

તારીખઃ-

શિક્ષકની સહીઃ-

## નમૂનો – ખ

૧૬. નોકરીનો વૃતાંત (હાલના તમારા હોદ્દાથી શરૂ કરીને તમારી દરેક નિમણુંક ઉલટા ક્રમમાં)

| ક્રમ | તા. / / થી તા. / / સુધી | શાળા, હોદ્દો, શાળાનો પ્રકાર | તા.જિ. | શીખવેલ ધોરણો | શીખવેલ વિષયો | પગાર | પગાર ધોરણ | શાળા છોડવાનું કારણ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | | | | | | | |
| ૨ | | | | | | | | |
| ૩ | | | | | | | | |
| ૪ | | | | | | | | |
| ૫ | | | | | | | | |
| ૬ | | | | | | | | |
| ૭ | | | | | | | | |
| ૮ | | | | | | | | |
| ૯ | | | | | | | | |
| ૧૦ | | | | | | | | |

ઉપરોક્ત વિગતોમાં ન આવરી લેવાયેલ કોઇ ખાસ લાયકાતો અથવા સિદ્ધિઓ.

તાલુકા કેળવણી નિરીક્ષકની/શિક્ષણ નિરીક્ષક સહીઃ-

જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની સહીઃ-

## રોજકામ – પરિશિષ્ટ-૨ (નમૂનો-ખ જોડવો)

## રાજ્ય પારિતોષિક પસંદગી માટે

## જિલ્લા કક્ષાએ એક પસંદગી સમિતિ બનશે જેમાં નીચેના સભ્યો રહેશે

સને ૨૦૧૯ ના વર્ષમાં રાજ્ય પારિતોષિક ભલામણો મોકલવા માટે તાલુકા/જિલ્લા પસંદગી સમિતિની એક બેઠક..............................................................કચેરી ...................................... ખાતે આજ રોજ તારીખ. / /૨૦૧૯ સમયે ...............કલાકે રાખવામાં આવેલ જેમાં નીચે મુજબના સભ્યશ્રીઓએ હાજરી આપેલ છે.

| ક્રમ | સભ્યની વિગત | હોદ્દો | સહી |
|---|---|---|---|
| ૧ | નામ- જિલ્લા શિક્ષણાધિકારી | કન્વીનર | |
| ૨ | નામ-જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી | સભ્યશ્રી | |
| ૩ | નામ-પ્રાચાર્ય, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન | સભ્યશ્રી | |
| ૪ | નામ-જિલ્લાના એક કેળવણીકાર, જેની નિયુક્તિ કન્વીનર કરશે | સભ્યશ્રી | |
| ૫ | નામ- જેતે જિલ્લાના રાજ્ય કે રાષ્ટ્રીય પારિતોષિક વિજેતા શિક્ષક, જેની નિયુક્તિ કન્વીનર કરશે | સભ્યશ્રી | |

ઉપરોક્ત દરખાસ્તમાં નીચે જણાવ્યા પ્રમાણે વિભાગમાંથી દરખાસ્તો આવેલ છે.

રાજ્ય પારિતોષિક પ્રાથમિક વિભાગઃ-.................(આંકડામાં સંખ્યા જણાવવી)

રાજ્ય પારિતોષિક માધ્યમિક વિભાગઃ-.................

રાજ્ય પારિતોષિક માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક વિભાગઃ-.................

રાજ્ય પારિતોષિક ઉચ્ચતર માધ્યમિક વિભાગના આચાર્યઃ-.................

રાજ્ય પારિતોષિક ખાસ શાળા માટેઃ-.................

રાજ્ય પારિતોષિક માટેની નીચે મુજબની દરખાસ્તો આવેલ છે.

૧. રાજ્ય પારિતોષિક પ્રાથમિકઃ-

(૧) નામ લખવું

(૨) "

(૩) "

૨. રાજ્ય પારિતોષિક માધ્યમિકઃ-

(૧) નામ લખવું

૩. રાજ્ય પારિતોષિક માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક

(૧) નામ લખવું

૪. રાજ્ય પારિતોષિક ઉચ્ચતર માધ્યમિકના આચાર્યઃ-

(૧) નામ લખવું

(૧) તાલુકા કક્ષાએ એવોર્ડ માટે ક્રમાનુસાર નીચે મુજબ દરખાસ્તો પસંદ કરવામાં આવેલ છે.

ભલામણનો પ્રકારઃ- ........................................

| ક્રમ | શિક્ષકનું નામ | નિરીક્ષણ ટીમે ૧૦૦ ગુણ માંથી આપેલ ગુણ | જિલ્લા પસંદગી સમિતિએ ૧૦ ગુણ માંથી આપેલ ગુણ | કુલ ૧૧૦ ગુણ માંથી મેળવેલ ગુણ | પસંદગીનો ક્રમ |
|---|---|---|---|---|---|
| ૧ | | | | | |
| ૨ | | | | | |
| ૩ | | | | | |

(૨) જિલ્લા કક્ષાએ એવોર્ડ માટે ક્રમાનુસાર નીચે મુજબ દરખાસ્તોમાંથી પસંદગી કરવામાં આવેલ છે.

ભલામણનો પ્રકારઃ- ........................................

| ક્રમ | શિક્ષકનું નામ | નિરીક્ષણ ટીમે ૧૦૦ ગુણ માંથી આપેલ ગુણ | જિલ્લા પસંદગી સમિતિએ ૧૦ ગુણ માંથી આપેલ ગુણ | કુલ ૧૧૦ ગુણ માંથી મેળવેલ ગુણ | પસંદગીનો ક્રમ |
|---|---|---|---|---|---|
| ૧ | | | | | |
| ૨ | | | | | |
| ૩ | | | | | |

(૩) રાજય કક્ષાના એવોર્ડ માટે આવેલ દરખાસ્તમાંથી ક્રમાનુસાર નીચે મુજબ દરખાસ્તો માટે ભલામણ કરવામાં આવે છે.

ભલામણનો પ્રકારઃ- ........................................

| ક્રમ | શિક્ષકનું નામ | નિરીક્ષણ ટીમે ૧૦૦ ગુણ માંથી આપેલ ગુણ | જિલ્લા પસંદગી સમિતિએ ૧૦ ગુણ માંથી આપેલ ગુણ | કુલ ૧૧૦ ગુણ માંથી મેળવેલ ગુણ | પસંદગીનો ક્રમ |
|---|---|---|---|---|---|

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧ | | | | | |
| ૨ | | | | | |
| ૩ | | | | | |

ઉપરોક્ત તાલુકા / જિલ્લા / રાજ્ય કક્ષા માટે પારિતોષિક ૨૦૧૯ ની દરખાસ્તો મુજબ મળેલ છે. તાલુકા કક્ષાની સમિતિ તારીખ..............................., જિલ્લા કક્ષાની સમિતિ તારીખ ........................., રાજ્ય કક્ષાની દરખાસ્તો માટે સમિતિ તારીખ ...................... ના રોજ મળેલ છે. જે ઉપર મુજબ ક્રમાનુસાર પસંદગી કરવામાં આવેલ છે અને આ ભલામણો મુજબ તાલુકા અને જિલ્લાના એવોર્ડની પસંદગીની કાર્યવાહી કરવાનુ નક્કી કરવામાં આવ્યું અને રાજ્ય કક્ષાના એવોર્ડ માટે રાજ્ય કક્ષાએ દરખાસ્ત મોકલવાનું નકકી કરવામા આવ્યું.

| ક્રમ | સભ્યની વિગત | હોદ્દો | સહી |
|---|---|---|---|
| ૧ | નામ-જિલ્લા શિક્ષણાધિકારીશ્રી | કન્વીનરશ્રી | |
| ૨ | નામ-જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી | સભ્યશ્રી | |
| ૩ | નામ-પ્રાચાર્ય, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન | સભ્યશ્રી | |
| ૪ | નામ-જિલ્લાના એક કેળવણીકાર | સભ્યશ્રી | |
| ૫ | નામ-જે તે જીલ્લાના રાજ્ય કે કાષ્ટ્રીય પારીતોષિક વિજેતા શિક્ષક | સભ્યશ્રી | |

પ્રત્યેક જિલ્લા કક્ષાની સમિતિએ રાજ્ય પારિતોષિક માટે વધુમાં વધુ નીચે દર્શાવ્યા પ્રમાણેની ભલામણો કરવાની રહેશે.

| | | |
|---|---|---|
| ૧ | પ્રાથમિક/માધ્યમિક/ઉ.મા. શાળાના શિક્ષકો | ૨ |
| ૨ | માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળાના આચાર્ય | ૨ |
| ૩ | સી.આર.સી. | ૧ |
| ૪ | બી.આર.સી. | ૧ |
| ૫ | મદદનીશ શિક્ષણ નિરીક્ષક (માધ્યમિક) | ૧ |
| ૬ | કેળવણી નિરીક્ષક | ૧ |
| ૭ | અપંગ કેટેગરી | ૧ |